SSC જુલાઇ પૂરક - 2022
ગુણચકાસણી/દફતર ચકાસણી/નામ સુધારણા

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/પૂરક/2022/116
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેકટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-06/08/2022

પ્રતિ,
આચાર્યશ્રી,
નોંધાયેલ માધ્યમિક શાળા,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- ધો.10 જુલાઇ પૂરક-2022ની પરીક્ષાની ગુણચકાસણી / દફતર ચકાસણી / નામ સુધારણા બાબત

શ્રીમાન,

જયભારત ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જુલાઇ પૂરક-2022માં ધો.10 એસ.એસ.સી. પરીક્ષાના એક અથવા બે વિષયમાં ઉપસ્થિત ઉમેદવારોની પરીક્ષાનું પરિણામ તા:-06/08/2022ના રોજ ઓનલાઇન જાહેર કરવામાં આવેલ છે. પરિણામ બાદ પરીક્ષા આપનાર ઉમેદવારો માટે ગુણચકાસણી / દફતર ચકાસણી અને નામ સુધારાની કાર્યવાહી કરવા નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે. જેને ધ્યાને લઇ સમયમર્યાદામાં કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

ગુણચકાસણી બાબત :-

ધો.10 જુલાઇ પૂરક - 2022ના એક – બે વિષયમાં ઉપસ્થિત ઉમેદવારોનું ઓનલાઇન પરિણામ તા:-06/08/2022ના રોજ જાહેર થયેલ છે. પરિણામ બાદ તા:-08/08/2022 થી તા:-17/08/2022 સુધી બોર્ડની વેબસાઇટ www.gseb.org પર ઓનલાઇન ગુણચકાસણીનું આવેદન ભરી શકાશે. આ માટે ઑફલાઇન / રજી. પોસ્ટ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ગુણચકાસણીની જરૂરી ફી એક વિષય દીઠ 100/- રૂ. લેખે ઓનલાઇન પેમેન્ટ માધ્યમે કરવાની છે. અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પર મૂકેલ છે.

દફતર ચકાસણી બાબત :-

ધો.10 જુલાઇ પૂરક – 2022ના પરિણામ બાદ દફતર ચકાસણીની કાર્યવાહી જેમાં કે ઉમેદવારને આપેલા (બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાના એક-બે વિષયોમાંથી જ) ગુણપત્રકમાં કોઇ અમુક વિષયમાં અનુપસ્થિત (Absent) નોંધવામાં આવ્યો હોય તે અથવા ઉત્તરવહી પર ખોટો બેઠક ક્રમાંક લખ્યો છે કે અમુક વિષયમાં અન્ય ઉમેદવારના બેઠક નંબરથી પરીક્ષા આપેલ છે તેવા કિસ્સામાં ઉમેદવાર દ્વારા જે શાળામાંથી આવેદનપત્ર ભરેલ હોય તે શાળામાંથી આ સાથે બીડેલ પરિશિષ્ટ – 9 માં દરખાસ્ત કરવાની રહેશે અને તેમાં માંગેલ તમામ આધારોનું બીડાણ કરી તા:-08/08/2022 થી તા:-17/08/2022 સુધી બોર્ડની માધ્યમિક શાખામાં "મદદનીશ સચિવ" માધ્યમિક શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (દફતર દરખાસ્ત) એમ લખીને રૂબરૂ કે રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મળી જાય તે રીતે મોકલવાની છે.

Scanned with CamScan

સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્તોને ધ્યાને લેવામાં આવશે નહીં. દફતર ચકાસણીની દરખાસ્તો માટે બોર્ડ દ્વારા કોઇ ફી નિર્ધારિત કરવામાં આવેલ નથી.

નામ સુધારા બાબત :-

ધો.10 જુલાઇ પૂરક – 2022માં ઉપસ્થિત ઉમેદવારના ગુણપત્રક / પ્રમાણપત્રમાં નામ કે જન્મતારીખમાં ભુલ જણાય તો શાળા માધ્યમે બિડેલ પરિશિષ્ટ-4, 4-અ અને 4-બમાં શાળાના લેટરહેડ સાથે દરખાસ્ત કરવાની રહેશે. જેની સાથે માધ્યમિક શાળાના જનરલ રજીસ્ટરની પ્રમાણિત નકલ, અગાઉના ગુણપત્રકમાં જો સાચું નામ હોય તો તેની પ્રમાણિત નકલ, શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ, અસલ ગુણપત્રક / પ્રમાણપત્ર સાથે બોર્ડની માધ્યમિક શાખાના "મદદનીશ સચિવ" માધ્યમિક વિભાગ, એ.બી.સી. શાખામાં મળી રહે તે રીતે રૂબરૂ કે રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મોકલી આપવાનું રહેશે. (આ દરખાસ્ત મેઇલ માધ્યમે સ્વીકારવામાં આવશે નહીં.)

પૂરતા દસ્તાવેજો ન હોવાના કારણે નામ કે જન્મતારીખનો સુધારો થઇ શકશે નહીં. જુલાઇ પૂરક – 2022 પરીક્ષાના ઓનલાઇન પરિણામની તારીખથી ત્રણ મહિના સુધી કોઇ સુધારા ફી બોર્ડ દ્વારા લેવામાં આવતી નથી.

(ડૉ. બી.એ.ચૌધરી)
નાયબ નિયામક પરીક્ષા
(માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:-

1. દફતર ચકાસણી પરિશિષ્ટ – 9
2. નામ / અટક / જન્મતારીખ સુધારા પરિશિષ્ટ-4, 4-અ અને 4-બ

સવિનય નકલ રવાના જાણ સારૂં:-

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
2. માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
3. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
4. જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ ગુજરાત રાજ્ય, તાબાની માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને જાણ તથા અમલ કરવા સારું

Scanned with CamScan

## પરિશિષ્ટ-4

# નવી એસ.એસ.સી. પરીક્ષાના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક / નામ / પિતાના નામ તથા / જન્મતારીખમાં સુધારો કરવાની અરજીનો નમૂનો

પ્રતિ,

પરીક્ષા સચિવ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

પરીક્ષા વિભાગ,

ગાંધીનગર

શાળા ક્રમાંક : | | | | | |

વિષય : માર્ચ/ઑક્ટોબર/જુલાઈ 20..........ની પરીક્ષામાં મારા પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક/નામ/ પિતાના નામ તથા/જન્મતારીખમાં સુધારો કરવા બાબત.

મહોદય,

જયભારત સાથે જણાવવાનું કે, હું માર્ચ/ઑક્ટોબર-જુલાઈ ............. ની પરીક્ષામાં બેઠક નંબર ................ થી આપેલ તેના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક/નામ/પિતાના નામ તથા/જન્મ તારીખમાં સુધારો કરવા અરજી કરું છું. મારું અસલ પ્રમાણપત્ર આ સાથે મોકલું છું.

(1) ઉમેદવારનું નામ : (અંગ્રેજીમાં ભરવું) : ..................................................................

(2) ઉમેદવારનું સરનામું : ..................................................................

: ..................................................................

: ..................................................................

: ..................................................................

(3) પ્રમાણપત્રમાં સુધારો કરવાની જરૂરી વિગત (અંગ્રેજી કેપિટલ અક્ષરમાં ભરવી)

અટક/નામ/પિતાના નામ તથા/જન્મતારીખ/વિષયમાં ................................................................ ના બદલે ............................ (X) જેમાં સુધારો હોય તે વિગત અંગ્રેજીમાં બતાવવી. લાગુ પડતું ન હોય તે છેંકી નાખવું.

(4) ઉમેદવારનું સુધારો કરવાનું નામ : ..................................................................

(5) રેગ્યુલેશન-47(3) મુજબ જરૂરી લાગતી ફી રૂ. ~~50/-~~ 200/- (નવા સુધારા મુજબની વિગત

(અ) લાગત ફી ડિમાન્ડ ડ્રાફ્ટ કે મની ઓર્ડરથી મોકલી હોય તો

ડી.ડી./મ.ઓ. નંબર : ........................................ તારીખ : ....................

બેંકનું નામ/પો.ઓ.નું નામ : ........................................ શાખા : ....................

(બ) રોકડેથી બોર્ડમાં લાગત ફી ભરી હોય તો

રોકડ રસીદ નંબર : ........................................ તારીખ : ....................

........................................

ઉમેદવારની સહી

Scanned with CamScan

સવિનયર રવાના:

આચાર્યશ્રી .............................................................................. હાઈસ્કૂલ મારફતે

જાવક નંબર : ..............................

તારીખ : ..............................

સવિનય રવાના:

મેં. પરીક્ષા સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા તરફ.

સદર હું ઉમેદવારનું નામ/અટક/પિતાનું નામ/જન્મતારીખ અને વિષયમાં સુધારો કરવા અંગે આ સાથે જરૂરી વિગતો અને પત્રકો સામેલ રાખી મોકલું છું.

જેમાં ........................................ ના બદલે ................................................ નો સુધારો કરવાનો છે. જે અમારી શાળાના ધો.10 ના જી.આર. મુજબ બરાબર છે. જેથી આ સુધારો કરવા ભલામણ છે. કરવામાં આવે છે.

શાળાનો ઈન્ડેક્ષ નંબર: ..............................................

શાળાના આચાર્યનો સહી
અને સિક્કો

**નોંધ:**

(1) પ્રમાણપત્રમાં સુધારા માટેની અરજી પ્રમાણપત્ર મળ્યેથી ત્રણ મહિનાની મુદતની અંદર કરવામાં આવે તો કોલમ નં. 4(અ), (બ)માં વિગતો ભરવી નહીં.

(2) જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે અંગ્રેજીમાં સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.

(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સાઈન સાથેનું જી.આર.ના ઉતારાવાળું પત્રક ફક્ત અંગ્રેજીમાં જ ભરવું.

(4) અરજી સાથે નીચેના બિડાણ મોકલવા જરૂરી છે.

1. ઉમેદવારનું અસલ પ્રમાણપત્ર
2. અરજીનો નમૂનો તથા જાહેરનામું
3. પ્રમાણિત કરેલી એલ.સી.ની ઝેરોક્ષ નકલ
4. ઉમેદવારના ધો.10ના જનરલ રજિસ્ટર પરથી ઉતારો કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સાઈન સાથેનું પત્રક (પરિશિષ્ટ-8)
5. રેગ્યુલેશન-47(3) મુજબ જરૂર લાગત ફી રૂ. ~~50/-~~ 200/- (નવા સુધારા પ્રમાણે) (ખાસ નોંધ નં. 3 વંચાણે લેવી.)
6. ધો. 10 ના જનરલ રજિસ્ટરની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
7. શાળાના ધો. 10 ના જનરલ રજિસ્ટરમાં પાછળથી સુધારો કરેલ હોય તો સુધારો કરવા અંગે પુરાવા સાથે સ્પષ્ટતા કરવી અને સમય મર્યાદામાં સુધારો કરવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી હોય તો મંજૂરીપત્રની ઝેરોક્ષ પ્રમાણિત નકલ અવશ્ય મોકલવી. શાળાના જનરલ રજિસ્ટરમાં પાછળથી સુધારો કરેલ હોય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવવી આવશ્યક છે.
8. સોગંદનામું કે ગેઝેટના આધારે કરવામાં આવતો ન હોઈ આવા કેઈસ સુધારા માટે મોકલવા નહીં.

Scanned with CamScanner

## પરિશિષ્ટ- 4 - અ

## પ્રમાણપત્રમાં અટક/નામ/જન્મતારીખ/પિતાના નામમાં સુધારો કરવા માટે શાળાના વડાએ ભરી મોકલવાનું જાહેરનામું

શાળા ક્રમાંક : | | | | | |

આથી હું નામે ............................................................................. ............. ના વડા તરીકે જાહેર કરું છું અને નીચે પ્રમાણે નિવેદન કરું છું કે,

(1) હું ............................................................................................. હાઈસ્કૂલના વડા તરીકે સદર

શાળામાં માહે : ...................... 20 ............... થી કામ કરું છું.

(2) મેં શાળાનું ઉમેદવારનું જનરલ રજિસ્ટર જેમાં ધોરણ-8 થી 10 ના પ્રવેશ વખતે નામ નોંધાયેલ છે તેમાં અનુક્રમ નંબર ................... ઉપર ઉમેદવાર કુમાર/કુમારી .................................................. ની નોંધ નીચે પ્રમાણે છે.

(અ) તેમના સુધારાની વિગત (અંગ્રેજીમાં) : ..........................................................

શાળાના ધો. 10 સુધીના જનરલ રજિસ્ટરમાં છે.

(બ) તેમની જન્મતારીખ આંકડામાં અંગ્રેજીમાં .............................. છે.

(3) આથી પ્રમાણિત કરું છું કે, જનરલ રજિસ્ટરમાં કરેલી નોંધ એમની નોંધ અનઅધિકૃત રીતે ફેરફાર કરેલ નથી.

(4) માહે માર્ચ/ઓક્ટોબર/જુલાઈ .............. એસ.એસ.સી. પરીક્ષામાં ઉમેદવાર મજકૂર બેઠક નંબર ................. કેન્દ્ર ...................... થી પરીક્ષા આપેલ છે. જેમાં .................... થયેલ છે.

(5) પરીક્ષાના પ્રમાણપત્રો તા. .................... ના રોજ શાળાને મળ્યાં હતાં.

(X જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે અંગ્રેજીમાં સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.)

શાળાના વડાની સહી, સિક્કો
અને તારીખ

શાળાનું નામ : ...........................................

પૂરું સરનામું : ...........................................

...........................................

...........................................

Scanned with CamScanner

## પરિશિષ્ટ- 4 - બ

(માર્ગદર્શિકા પુસ્તિકા માર્ચ-2007 ના પાના નંબર-51 પછી 51-અ)

### Annexure - 4-B

| G.R. No. | Name in Full | Cast With Sub + Cast | Place of Birth | Date of Birth | Last School Attended | Date of Admission | Standard Class Admitted |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| Exam Seat No. ____________ | | Progress | Conduct | Date of | Std. from | D.C. No. | |
| Year & Month of Passing : ____________ | | | | | | | |

I certify that I have verified the Surname, Father's name and Birh date from School General Register.

Date : ____________

Signature of the Principal
with Rubber Stamp

Signature of the District
Education officer,
____________ Dist.

Date : ____________

Scanned with CamScan

## "ગેરહાજર" દર્શાવેલ અને તેવા કેસોમાં દફતર ચકાસણી માટે કરવાની અરજીનો નમૂનો

(સમયમર્યાદામાં મોકલેલી દફતર ચકાસણીની અરજીઓ ફી ભરવાની રહેતી નથી.)

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

પ્રતિ,

પરીક્ષા સચિવશ્રી,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

માધ્યમિક પરીક્ષા વિભાગ,

સેકટર-10/બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

વિષય:- જુલાઇ પૂરક-2022ની પરીક્ષામાં માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા દફતરની ચકાસણી બાબત

શ્રીમાન,

સવિનય હું જુલાઇ પૂરક-2022ની ધો.10 એસ.એસ.સી.ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે દફતર ચકાસણી માટે અરજી કરું છું, જેની વિગતો નીચે પ્રમાણે છે.

1. જે વિષયમાં દફતર ચકાસણી કરાવવી હોય તે વિષયનું નામ ....................
2. કઇ ભાષામાં આ વિષયના પેપરમાં જવાબ આપ્યા છે. ....................
3. ગુણપત્રકમાં આ વિષયની શું સ્થિતિ દર્શાવી છે ? ....................
4. પરીક્ષાનું કેન્દ્ર અને બેઠક નંબર ....................
5. જો ઉમેદવારે જવાબવહી ઉપર ખોટો બેઠક નંબર લખ્યો હોય તો જવાબવહી ઉપર જે બેઠક નંબર લખ્યો હોય તે પુરાવા સહિત જણાવશો. ....................
6. ઉમેદવારનું સંપૂર્ણ નામ (અટક સાથે) ....................
7. ઉમેદવારનું સરનામું ....................
8. જે વિષયમાં દફતર ચકાસણી માટે અરજી કરી હોય તે વિષયના ગમે તે સવાલના જવાબ દર્શાવતું આખું પાન ભરીને તેના નમૂના દાખલા હસ્તાક્ષર તે નીચે તેમની તથા આચાર્યશ્રીની સહી સહિતના સામેલ કરવા. ....................
9. અરજી સાથે ઉમેદવારની ગુણપત્રકની નકલ તેમજ ફી રસીદની ઝેરોક્ષ નકલ અચૂક મોકલવી. ....................

ઇતર નોંધ : ....................

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી

ક્રમાંક : ....................

તારીખ : ....................

સવિનય રવાના , મેં. આચાર્યશ્રી મારફત

શાળાનો ઇન્ડેક્ષ નંબર : - ....................

સ્થળ : ....................

તારીખ : ....................

....................

શાળાના વડાની સહી / સિક્કો

Scanned with CamScan

મ.નં.મા-૨/૨૦૨૨/11443

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી,
જિલ્લા સેવા સદન-૨,
જિલ્લો-સુરત.
તા:-૧૦/૦૮/૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
જિ-સુરત.

District Education Officer
Surat. Dist. Surat

Scanned with CamScanner